આજે ચોથી ટી-20

ભારતનું ટીમ સંયોજન બદલાઇ શકે

સીરિઝમાં અજેય સરસાઇને પગલે હવે પ્લેઇંગ ઇલેવનમાં કુલદીપ અને વરુણને તક મળે તેવી સંભાવના

બપોરે 12.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સોની સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ સોની લિવ પર

પ્લેઇંગ ઇલેવનમાંથી સંભવતઃ અક્ષર પટેલ અને કોઇ એક ઝડપી બોલરને બહાર બેસાડવામાં આવી શકે

ઓકલેન્ડ, તા. 29 : પાંચ મેચની ટી-20 સીરિઝમાં 3-0ની અજેય સરસાઇને પગલે આવતીકાલે શુક્રવારે ન્યૂઝીલેન્ડ સામે અહીં રમાનારી ચોથી ટી-20માં ભારતીય ટીમ હવે કુલદીપ યાદવ અને વરુણ ચક્રવર્તીને તક આપી શકે છે. ટીમ મેનેજમેન્ટે આઠમા ક્રમાંક સુધીના બેટ્સમેનોને પસંદ કરવાનો આગ્રહ રાખ્યો હોવાથી છેલ્લા કેટલાક મહિનામાં બંને સ્પિનરોને વધુ તકો મળી નથી. આ રણનીતિ અત્યાર સુધી કામ કરી રહી છે, જેમાં ભારતે ત્રણેય મેચ જીતી છે. આગામી બે મેચોમાં વધારે દબાણ નથી, તેથી ભારત તેના ટીમ કોમ્બિનેશન સાથે પ્રયોગ કરી શકે છે.

છેલ્લા છ મહિનામાં વરુણનું ફોર્મ સારું રહ્યું નથી, પરંતુ કુલદીપ મધ્ય ઓવરોમાં વિકેટ લેનાર બોલર રહ્યો છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની ઘરઆંગણેની સીરિઝમાં તેને બે મેચમાં તક મળી હતી પરંતુ ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ ત્રણ મેચ માટે તેને બેન્ચ પર રાખવામાં આવ્યો હતો. કુલદીપને વધુ બહાર રાખવાથી તેના આત્મવિશ્વાસ પર અસર પડી શકે છે પરંતુ તેને ટીમમાં લાવવા માટે, તેણે નીચલા ક્રમમાં બેટિંગ કરવાની માનસિકતા પર કાબુ મેળવવો પડશે. ત્રીજી ટી-20 માં, બે સ્પિન ઓલરાઉન્ડર, અક્ષર પટેલ અને નમન ધીરને બોલિંગ કરવાની તક પણ મળી ન હતી. ઝડપી બોલિંગ વિભાગમાં, ભુવનેશ્વર કુમારે વેલિંગ્ટનમાં છેલ્લી મેચમાં ડેથ ઓવરોમાં સારું પ્રદર્શન કર્યું હતું અને છેલ્લી ઓવરમાં સતત યોર્કર ફેંક્યા હતા.

ઇશાન કિશને નેટમાં પરસેવો પાડ્યો, તેની વાપસીથી કોણ બહાર થશે તે સવાલ

ભારતીય ટીમ માટે ત્રીજા નંબરે બેટિંગ કરતો ઈશાન કિશન ઘાયલ થવાના કારણે બીજી અને ત્રીજી ટી-20 મેચ રમી શક્યો નહોતો અને તેના પરિણામે વૈભવ સૂર્યવંશીને બે મેચમાં પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન મળ્યું હતું. આવકાલે શુક્રવારે ઓકલેન્ડમાં રમાનારી ચોથી ટી-20 પહેલા બીસીસીઆઇ દ્વારા ટીમ ઇન્ડિયાના નેટ સેશનના ફોટાઓ શેર કરાયા હતા, જેમાં ઇશાન નેટ્સમાં બેટિંગ કરતો જોવા મળ્યો હતો. હવે જો તે ફિટ થઇ ગયો હોય તો પછી પ્લેઇંગ ઇલેવનમાં તેની વાપસીથી શું વૈભવનું પત્તું કપાશે કે પછી કોઇ અન્ય ખેલાડીને બહાર બેસાડવામાં આવશે તે અંગે અટકળો ચાલી રહી છે.

ઘાયલ ફર્ગ્યુસન ભારત સામેની છેલ્લી બે ટી-20માંથી બહાર

ઓકલેન્ડ, તા. 29 : ન્યૂઝીલેન્ડનો ઝડપી બોલર લોકી ફર્ગ્યુસન ઈજાના કારણે ભારત સામેની છેલ્લી બે ટી-20 મેચમાંથી બહાર થઈ ગયો છે. તેના સ્થાને મેટ ફિશરને ન્યૂઝીલેન્ડ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ચોથી મેચ આવતીકાલે શુક્રવારે રમાશે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ફર્ગ્યુસનને બીજી ટી-20 દરમિયાન જમણા પગની પીંડીમાં દુખાવો થયો હતો અને સ્કેન કરવામાં ઈજા હોવાનું બહાર આવ્યું હતું. તેને સ્વસ્થ થવામાં એક અઠવાડિયા જેટલો સમય લાગશે. ઝડપી બોલર મેટ હેનરી પણ ટી-20 સીરિઝમાંથી બહાર થયો છે. તેને સ્વસ્થ થવા માટે એક થી બે અઠવાડિયા લાગશે.

વનડે સીરિઝ માટે ગીલની નેટ પ્રેક્ટિસ, ખાસ ડિવાઈસે ધ્યાન ખેંચ્યું

ગિલે લમણાના ભાગે લગાવેલું નવું ફિટનેસ ટ્રેકર 'ટેમ્પલ' મગજ સાથે જોડાયેલા સિગ્નલોને ટ્રેક કરવા માટે રચાયુ છે

ઓકલેન્ડ, તા. 29 : આગામી ચોથી નવેમ્બરથી ઇડન પાર્ક ખાતે ન્યુઝીલેન્ડ સામે શરૂ થતી પાંચ મેચની વનડે સીરિઝ પહેલા ભારતના ટેસ્ટ અને વનડે કેપ્ટન શુભમન ગિલે અહીં નેટમાં પ્રેક્ટિસ કરી હતી. આ દરમિયાન તેના લમણા નજીક લાગેલા એક ડિવાઈસે ખાસ ધ્યાન ખેંચ્યું હતું. વિકેટકીપર-બેટ્સમેન કે.એલ. રાહુલ અને ફાસ્ટ બોલર ગુર્નૂર બ્રાર પણ ભારતીય ટીમમાં જોડાયા છે.

ગિલે પ્રેક્ટિસ દરમિયાન કાનથી થોડી ઉપર કપાળના છેડે 'ટેમ્પલ' નામનું ફિટનેસ ટ્રેકિંગ ડિવાઇસ પહેર્યું હતું. ભારતીય કેપ્ટન દ્વારા પહેરી શકાય તેવા ડિવાઇસની પસંદગીએ પરંપરાગત ફિટનેસ મેટ્રિક્સને બદલે મગજ સાથે જોડાયેલા સિગ્નલોને ટ્રેક કરવા માટે રચાયેલ ડિવાઇસ વિશે વધતી જતી જિજ્ઞાસામાં વધારો કર્યો છે. એક અહેવાલ મુજબ ઝોમેટોના સહ-સ્થાપક દીપિન્દર ગોયલના પહેરી શકાય તેવા ડિવાઇસ 'ટેમ્પલ'નું પરીક્ષણ કર્યા પછી , ગિલ ખૂબ જ પ્રભાવિત જણાયો હતો.

મહિલા ટી-20 ઘરેલુ ટુર્નામેન્ટમાં દિલ્હીનો સર્વાધિક સ્કોરનો ગોવાનો રેકોર્ડ તોડ્યો

તનિષા સિંહની 47 બોલમાં 119 રનની વિસ્ફોટક ઇનિંગની મદદથી દિલ્હીએ છ વિકેટે 262 રનનો સ્કોર બનાવ્યો

એક દિવસ પહેલા WPL ઓક્શનમાં અનસોલ્ડ તનિષાએ ટી-20 ક્રિકેટની ત્રીજી સૌથી ઝડપી 38 બોલમાં સદી ફટકારી

પુણે, તા. 29 : સિનિયર મહિલા ટી-20 ટ્રોફીમાં દિલ્હીએ આજે ગુરુવારે અહીં હૈદરાબાદ સામે છ વિકેટે 262 રન બનાવીને ઘરેલુ મહિલા ટી-20 મેચોમાં એક ઈનિંગમાં સૌથી વધુ સ્કોરનો નવો વિશ્વ રેકોર્ડ બનાવ્યો હતો. આ સ્કોર સાથે દિલ્હીએ અરુણાચલ પ્રદેશ સામે ગોવાનો 2019-20માં રચાયેલો બે વિકેટે 257 રનનો રેકોર્ડ તોડ્યો હતો.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધા પછી, દિલ્હીની ઈનિંગ્સ તનિષા સિંહની સદીથી ઝળહળી ઉઠી હતી. ડબલ્યુપીએલ ઓક્શનમાં એક દિવસ પહેલા અનસોલ્ડ રહેલી તનિષા સિંહે માત્ર 38 બોલમાં સદી ફટકારીને રેકોર્ડ બુકમાં નામ લખાવ્યું હતું. તેણે 47 બોલમાં 119 રન બનાવ્યા હતા. ત્યારબાદ દિલ્હીએ હૈદરાબાદને આઠ વિકેટે 154 રન પર રોકીને 108 રનનો વિજય મેળવ્યો હતો. તનિષાએ ૩૮ બોલમાં પોતાની સદી પૂરી કરી, જે મહિલા ટી-20 ક્રિકેટમાં ત્રીજી સૌથી ઝડપી સદી છે. કિરણ નવગિરેએ 34 બોલમાં અને સોફી ડિવાઇન 36 બોલમાં સદી સાથે પહેલા બે ક્રમે છે, જ્યારે ડિઆન્દ્રા ડોટિને પણ 38 બોલમાં પોતાની સદી પૂરી કરી હતી.

રણજી ટ્રોફી રાઉન્ડ અપ

મહારાષ્ટ્ર સામેની ગુજરાતની મેચ ડ્રો, મહારાષ્ટ્રને ત્રણ ગુજરાતને એક પોઇન્ટ

પુણે : રણજી ટ્રોફી એલિટ ગ્રુપ સીની અહીં રમાયેલી એક મેચના આજે ચોથા દિવસે ગુજરાતે આર્ય દેસાઇ અને જયમીત પટેલની સદી તેમજ ઉર્વિલ પટેલના 96 રનની મદદથી પોતાનો બીજો દાવ પાંચ વિકેટે 446 રને ડિકલેર કરી મહારાષ્ટ્રની સામે 340 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો. દિવસના અંત સુધીમાં મહારાષ્ટ્રએ 47 ઓવરમાં ચાર વિકેટે 141 રન બનાવ્યા હતા. પહેલા દાવની સરસાઇને આધારે મહારાષ્ટ્રને ત્રણ જ્યારે ગુજરાતને માત્ર એક પોઇન્ટ મળ્યો હતો.

ભૂતની આઠ વિકેટથી સૌરાષ્ટ્રએ આસામને એક દાવ અને 12 રને હરાવી બોનસ પોઇન્ટ મેળવ્યો

રાજકોટ : રણજી ટ્રોફી એલિટ ગ્રુપ બીની અહીં રમાયેલી એક મેચમાં ડાબોડી સ્પિનર પાર્થ ભૂતની આઠ વિકેટની મદદથી સૌરાષ્ટ્રએ આસામને એક ઇનિંગ્સ અને 12 રનથી હરાવીને માં બીજા સ્થાને રહ્યું. ત્રીજા દિવસે આસામની ટીમ 65 રનના ઉમેરા સાથે બીજા દાવમાં 94 રનમાં ઓલઆઉટ થઇ ગઇ હતી, જેથી સૌરાષ્ટ્રનો વિજય માત્ર ઔપચારિકતા બની ગયો હતો. ભૂતે સાત રનમાં છ વિકેટ ઝડપી હતી. ઇનિંગની જીતથી સૌરાષ્ટ્રને બોનસ પોઇન્ટ મળ્યો.

જમ્મુ કાશ્મીર સામેની ડ્રો મેચમાં બરોડાએ ત્રણ પોઇન્ટ મેળવ્યા

વડોદરા : રણજી ટ્રોફી ગ્રુપ એની અહીં રમાયેલી એક મેચના આજે ગુરુવારે ચોથા દિવસે બરોડાના પ્રથમ દાવના 616 રનના તોતિંગ સ્કોર સામે પ્રથમ દાવમાં 303 રને ઓલઆઉટ થઇને ફોલોઓન થયેલા જમ્મુ-કાશ્મીરે અંતિમ દિવસની રમત બંધ થઇ ત્યાં સુધીમાં બીજા દાવમાં છ વિકેટે 316 રન બનાવ્યા હતા અને તેને પગલે મેચ ડ્રો થઇ હતી. બરોડાએ પ્રથમ દાવની સરસાઇના આધારે ત્રણ પોઇન્ટ મેળવ્યા હતા જ્યારે જમ્મુ-કાશ્મીરને એક પોઇન્ટ મળ્યો હતો.

કર્ણાટકે ત્રિપુરાને એક દાવ 116 રનથી હરાવી સાત પોઇન્ટ મેળવ્યા

મૈસુર : રણજી ટ્રોફી એલીટ ગ્રુપ બીની અહીં રમાયેલી અન્ય એક મેચમાં, કર્ણાટકે ત્રિપુરાને એક ઇનિંગ્સ અને 116 રનથી હરાવીને સાત પોઇન્ટ મેળવ્યા હતા. ત્રિપુરાએ પ્રથમ ઇનિંગમાં 194 રન બનાવ્યા પછી કર્ણાટકે પોતાનો પ્રથમ દાવ નવ વિકેટે 490 રન બનાવીને ડિકલેર કર્યા પછી શ્રેયસ ગોપાલની પાંચ વિકેટની મદદથી ત્રિપુરાને બીજા દાવમાં 180 રને ઓલઆઉટ કરીને મેચ જીતી લીધી હતી.

એશિયન ચેમ્પિન્સ ટ્રોફી હોકી: ભારતે ચીનને 5-2થી હરાવ્યું

ભારત વતી સુખજીતે બે ફિલ્ડ ગોલ કર્યા જ્યારે હરમનપ્રીતે બે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવ્યા

જાલંધર, તા. 29 (પીટીઆઈ): એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી (એસીટી) હોકી ટુર્નામેન્ટમાં આજે ગુરુવારે અહીં કેપ્ટન હરમનપ્રીત સિંહ અને સ્ટ્રાઈકર સુખજીત સિંહે પોતાના ઘરઆંગણાના દર્શકો સામે બે-બે ગોલ કરતાં ભારતેચીનને 5-2થી હરાવીને સતત બીજી જીત નોંધાવી હતી.

ભારત માટે સુખજીત 12 અને 34મી મિનિટે બે શાનદાર ફિલ્ડ ગોલ કર્યા, જ્યારે હરમનપ્રીતે 27મી અને 31મી મિનિટે બે પેનલ્ટી કોર્નરને ગોલમાં રૂપાંતરિત કર્યા હતા. ઓલિમ્પિયન સુરજીત સિંહ હોકી સ્ટેડિયમમાં યજમાન ટીમ માટે જુગરાજ સિંહે પણ 47મી મિનિટે પેનલ્ટી કોર્નરથી ગોલ કર્યો હતો. ચીને વતી બંને ગોલ પેનલ્ટી કોર્નરથી પેંગ યાંગે 26મી અને ચોંગકોંગ ચેને 36મી મિનિટે કર્યા હતા.

ભારતે ટુર્નામેન્ટની પોતાની પહેલી મેચમાં બાંગ્લાદેશને 13-0થી હરાવ્યું હતું, જ્યારે ચીન એશિયન ગેમ્સના સિલ્વર મેડલિસ્ટ મલેશિયા સામે 4-5થી હારી ગયું હતું. ભારત શુક્રવારે જાપાન સામે પોતાની આગામી મેચ રમશે, જ્યારે ચીન દક્ષિણ કોરિયા સામે ટકરાશે.

ઇંગ્લીશની સદીની મદદથી ઓસ્ટ્રેલિયાની દક્ષિણ આફ્રિકા પર 100 રનની સરસાઇ

સ્મિથની ઈજાને કારણે 10 મહિના પછી ટેસ્ટ રમતા જોશ ઈંગ્લિસની સદીથી ઓસ્ટ્રેલિયાએ 429 રન બનાવ્યા

કેપટાઉન, તા. 29 : અહીં રમાઇ રહેલી ત્રીજી ટેસ્ટના ત્રીજા દિવસે જોશ ઇંગ્લીશની સદી અને એલેક્સ કેરી સાથેની તેની શતકીય ભાગીદારીની મદદથી ઓસ્ટ્રેલિયાએ પ્રથમ દાવમાં 429 રન બનાવીને દક્ષિણ આફ્રિકા પર પ્રથમ દાવની 100 રનની સરસાઇ મેળવી હતી. ત્રીજા દિવસની રમતના અંતે દક્ષિણ આફ્રિકાએ ચાર વિકેટે 140 રન બનાવ્યા હતા અને સ્ટમ્પ સમયે મેથ્યુ બ્રિત્ઝકે 19 તેમજ રાયન રિક્લ્ટન આઠ રને ક્રિઝ પર હતા.

ઇજાગ્રસ્ત સ્ટીવ સ્મિથના સ્થાને પ્લેઇંગ ઇલેવનમાં સામેલ થઇને 10 મહિના પછી ટેસ્ટ રમી રહેલા ઇંગ્લીશે 132 બોલમાં પોતાની બીજી સદી ફટકારી હતી. 184 રનમાં 4 વિકેટ ગુમાવ્યા બાદ, ઇંગ્લીશે કેરી સાથે 185 રનની ભાગીદારી કરી હતી.

દક્ષિણ આફ્રિકા પ્રથમ દાવ 329

ઓસ્ટ્રેલિયા પ્રથમદાવ	રન	બોલ	4	6
રેનશો કો.રિકલ્ટન બો.યાન્સન	74	139	10	0
હેડ બો.હાર્મર	41	49	7	0
લાબુશેન કો.માર્કરમ બો.હાર્મર	0	5	0	0
ગ્રીન કો.હાર્મર બો.યાન્સન	65	110	8	2
ઇંગ્લીશ કો.રિકલ્ટન બો.હાર્મર	102	135	11	2
કેરી કો.માર્કરમ બો.હાર્મર	80	168	7	0
કોનોલી કોએન્ડબો.યાન્સન	29	83	3	0
કમિન્સ LB બો.રબાડા	0	6	0	0
સ્ટાર્ક કો.રિકલ્ટન બો.કોત્ઝી	11	29	2	0
લિયોન કો.હાર્મર બો.મુલ્ડર	1	25	0	0
હેઝલવુડ નોટઆઉટ	4	3	1	0
વધારાના	22			
કુલ (125.1 ઓવરમાં ઓલઆઉટ)	429			

વિકેટપતન : 1-58, 2-58, 3-184, 4-185, 5-370, 6-379, 7-380, 8-402, 9-425, 10-429

બોલિંગ	O	M	R	W
કગિસો રબાડા	23	1	98	1
માર્કો યાન્સન	22.1	7	60	3
ગેરાલ્ડ કોત્ઝી	19	4	70	1
વિઆન મુલ્ડર	21	5	63	1
સિમોન હાર્મર	37	6	104	4
એડન માર્કરમ	3	0	14	0

મુંબઇ ઇન્ડિયન્સે મલિંગા, મ્હામ્બ્રે અને હોપકિન્સનને મુક્ત કર્યા

મુંબઇ, તા. 29 : મુંબઈ ઈન્ડિયન્સે ગુરુવારે આગામી 2027 ની આઈપીએલ સીઝન પહેલા પોતાના બોલિંગ કોચ લસિથ મલિંગા અને પારસ મ્હામબ્રે તેમજ ફિલ્ડિંગ કોચ કાર્લ હોપકિન્સન સાથેનો છેડો ફાડી નાખવાની જાહેરાત કરી છે. પાંચ વખતના આઇપીએલ ચેમ્પિયનોએ આગામી સિઝન પહેલા તેમના સમગ્ર કોચિંગ સ્ટાફમાં ફેરફાર કર્યા છે. મુખ્ય કોચ મહેલા જયવર્ધનેના સ્થાને કિરોન પોલાર્ડને લેવામાં આવ્યા છે. મુંબઇ ઇન્ડિયન્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મુંબઇ ઇન્ડિયન્સ જાહેરાત કરે છે કે લસિથ મલિંગા, પારસ મ્હામ્બે અને કાર્લ હોપકિન્સન હવે પુરુષ ટીમના કોચિંગ સ્ટાફનો ભાગ નથી.

નાટકીય બેટિંગ પતન પછી સ્પિનરોએ બાંગ્લાદેશની વાપસી કરાવી

ઢાકા, તા. 29 : અહીં રમાઇ રહેલી પ્રથમ ટેસ્ટના આજે ગુરુવારે બીજા દિવસે જોમેલ વોરિકન અને જોશુઆ બિશપની શાનદાર બોલિંગને કારણે નાટકીય રીતે બેટિંગ પતનનો સામનો કરનાર બાંગ્લાદેશની સ્પિનરોએ વાપસી કરાવી હતી. બાંગ્લાદેશનો સ્કોર એક સમયે ત્રણ વિકેટે 231 રન હતો પરંતુ 59 રનમાં સાત વિકેટ ગુમાવીને તેઓ 272 રનમાં ઓલઆઉટ થઈ ગયા હતા. વેસ્ટ ઈન્ડિઝે સારી શરૂઆત કરી હતી પરંતુ ત્યારબાદ બાંગ્લાદેશના સ્પિનરો તૈજુલ ઇસ્લામ અને મેહદી હસને તેમને બ્રેક મારી હતી. ખરાબ પ્રકાશ અને વરસાદના કારણે દિવસની રમત વહેલી બંધ થઇ ત્યારે વેસ્ટ ઈન્ડિઝે સાત રનમાં ત્રણ વિકેટ ગુમાવી દેતા તેમનો સ્કોર ચાર વિકેટે 134 રન થયો હતો. રમતના અંતે, તેગનારાયણ ચંદ્રપોલ 43 અને જસ્ટિન ગ્રીવ્સ 15 રને રમતમાં હતા.

હાઈલો ઓપન : સિંધુ ક્વાર્ટર ફાઈનલમાં, માલવિકા હારી

સારબ્રુકેન (જર્મની), તા. 29 : બે વખતની ઓલિમ્પિક્સ મેડલિસ્ટ પીવી સિંધુએ ગુરુવારે અહીં ઇનલમાં આરામદાયક જીત સાથે હાઈલો ઓપન સુપર 500 બેડમિન્ટન ટૂર્નામેન્ટના મહિલા સિંગલ્સ ક્વાર્ટર ફા પ્રવેશ કર્યો હતો પરંતુ માલવિકા બંસોડ અને ઈશારાની બરુઆ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હતી. મહિલા સિંગલ્સના બીજા રાઉન્ડના મુકાબલામાં બીજા ક્રમાંકિત સિંધુએ ફ્રાન્સની રોઝી ઓક્ટાવીયા પંચાસરીને માત્ર 26 મિનિટમાં 21-9, 21-6 થી હરાવી હતી. માલવિકા કેનેડાની વેન યુ ઝાંગ સામે 31 મિનિટમાં 11-21, 17-21 થી હારી ગઈ.

WPLમાં ટીમોની સંખ્યા વધારવાની શક્યતાઓને BCCI ચકાસશે : સૈકિયા

કોચી, તા. 29 ઓક્ટોબર (પીટીઆઈ): ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના સચિવ દેવજીત સૈકિયાએ જણાવ્યું હતું કે બીસીસીઆઈએ મહિલા પ્રીમિયર લીગ (ડબલ્યુપીએલ)માં ટીમોની સંખ્યા વધારવા માટે કેટલાક વિચાર-વિમર્શ સત્રો યોજવા પડશે. ડબલ્યુપીએલ 2023 માં શરૂ થઇ ત્યારથી માત્ર પાંચ ટીમોએ તેમાં ભાગ લીધો છે. સૈકિયાએ બુધવારે અહીં હરાજી દરમિયાન ડબલ્યુપીએલ વેબસાઇટને જણાવ્યું હતું કે આવતા વર્ષથી, આપણે ચોક્કસપણે ટીમોની સંખ્યા વધારવી પડશે અને કયા ક્ષેત્રોમાં સુધારો કરવાની જરૂર છે તેના પર વિચાર-વિમર્શ સત્રો પણ યોજવા પડશે. તેમાં ફક્ત ખેલાડીઓ જ નહીં, પરંતુ ઘણા અન્ય ક્ષેત્રો પણ સામેલ છે. કોચથી લઈને પસંદગીકારો વગેરે સુધીના વિવિધ હિસ્સેદારો તેનો ભાગ છે. સૈકિયાએ કહ્યું કે ડબલ્યુપીએલ એ ચાર વર્ષમાં ઘણો લાંબો રસ્તો કાઢ્યો છે અને લીગ હવે મહિલા ક્રિકેટમાં પ્રભુત્વ ધરાવે છે. આઈપીએલ પછી ફ્રેન્ચાઇઝ ક્રિકેટમાં ડબલ્યુપીએલ એક પ્રીમિયર લીગ છે. અમે ચાર વર્ષમાં ઘણો લાંબો રસ્તો કાપ્યો છે અને હવે મહિલા ક્રિકેટમાં પ્રભુત્વ મેળવી રહ્યા છીએ.

ઓસાકા 18 વર્ષની મિયા પોહાન્કોવા સામે હારી

ટોક્યો, તા. 29 : મહિલા ટેનિસમાં સાતમી ક્રમાંકિત નાઓમી ઓસાકાને પેન પેસિફિક ઓપનમાં સ્લોવાકિયાની મિયા પોહાન્કોવાએ તેના ઘરઆંગણાના પ્રેક્ષકો સામે હરાવી હતી. ગયા અઠવાડિયે 18 વર્ષની થયેલી વાઈલ્ડ કાર્ડ હોલ્ડર પોહાન્કોવાએ ઓસાકાને 6-3, 7-5થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો. તેનો આગામી મુકાબલો એલિસિયા પાર્ક્સ સામે થશે, જેણે કિમ્બર્લી બિરેલને 6-3, 6-1થી હરાવી હતી.

સુડોકુ ૭૬૬૭

૩	૫		૧			૨	૬	૭
				૨	૭	૪		
૨		૧						
૪			૯	૬	૨	૧	૭	
૯				૮	૩	૬	૨	
૬			૫		૪	૩	૮	૯
	૯	૨	૪	૫			૧	
૧		૬	૮	૭				
૫	૪			૩	૧	૭		

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

બાળકનું મોં આવી જવું

અમુક વિટામિન શરીરમાં ઓછા થવાથી મોં અંદરથી લાલ થઈ જાય છે. આરારૂટનો લોટ તૈયાર મળશે. આંગળી પર લઈ બાળકના મોંમા ચોપડી આપો. લાળ નીકળશે તે લૂછી કાઢવી.

શબ્દગુંફન - ૭૨૮૩

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. ખેડૂત (૪)
૪. વિજય, ફત્તેહ (૨)
૬. સોના-રૂપાનો બારીક તાર (૩)
૮. કેફ, ખુમારી (૨)
૯. એક ફળ (૪)
૧૧. છેવટનું (૩)
૧૨. હદ, મર્યાદા (૨)
૧૩. ટેવ, વ્યસન (૨)
૧૪. અવાજ, ગર્વ (૨)
૧૫. પાણી ભરવાનું એક પાત્ર (૨)
૧૭. ઘોડો (૨)
૧૮. કિનારો (૨)
૨૦. અવસ્થા, સ્થિતિ (૩)
૨૧. ભરાવદાર (૨)
૨૩. સાબિતી (૩)
૨૫. આસ્થાવાળું, ભાવુક (૩)
૨૬. તપેલુ, કે તપાવેલું (૨)
૨૭. તાણ, અછત (૨)
૨૮ જમીન અને પાણી બંને પર ચાલી શકે એવું એક પક્ષી (૩)
૨૯. લોકમત (૪)
૩૧. અધિકાર (૨)
૩૨. દીપક, દીપ (૩)
૩૩. વજન (૨)
૩૪. મિજાજ, આવેશ, ધૂન (૨)

ઊભીચાવી
૧. મહેરબાની, દયા (૨)
૨. મહિલા, નારી (૩)
૩. મુસાફરી માટેનું એક મોટુ વાહન (૨)
૫. અધીરાઈ, જુસ્સો (૫)
૬. યુક્તિ, તંમર (૨)
૭. બચાવેલી રકમ (૨)
૯. ગામની હદ (૩)
૧૦. નાશ પામેલું (૨)
૧૩. ગીત અને વાદ્યની સમાનતા (૨)
૧૬. ઓરતો, સુખાનુભવ (૩)
૧૭. કમનસીબ (૪)
૧૮. કાંઠો, તીર (૨)
૧૯. દુશ્મન, અરિ (૨)
૨૧. નકામો લવારો (૪)
૨૨. સંતોષ, ધરવ (૨)
૨૪. રાજાને કરાતું સંબોધન (૩)
૨૬. નસીબ, ભાગ્ય (૪)
૨૭. તાંતણો, વાદ વિવાદ (૨)
૨૯. જુલમ, જબરદસ્તી (૨)
૩૦. ખામી (૨)
૩૧. દરેક, પ્રત્યેક (૨)



આજનું પંચાંગ

તા. 30/10/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** આસો
તિથિ: વદ: પાંચમ: 19:26
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક:-08 **યોગ :** શિવ
કરણ: કૌવલ **નક્ષત્ર :** મૃગશીર્ષ: 09:05 પછી આદ્રા
રાશિ: મિથુન (ક,છ,ઘ)
દિવસ : મિશ્ર
સુરતમાં સૂર્યોદય : 06:42 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:03
નવકારસી : 07:30
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 17 મો રોજ
મુસલમાન વર્ષ : 1448 જમાદીલ ઊલ અવલ માસનો 18મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ,
રાત્રિનાં ચોઘડિયાં: રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ,
રાહુ કાળ : સવારે: 10:30 થી 12:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): મિત્રો સાથે મનોરંજન થાય. કેરીયરમાં આગળ વધવાની તક મળે. નોકરીમાં જવાબદારીયુક્ત પદ પ્રાપ્ત થાય.

વૃષભ (બ,વ,ઉ,): પરિવારમાં સામાજિક પ્રસંગનું વાતાવરણ રહે. ઘરમાં અવરજવર વધે. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો.

મિથુન (ક,છ,ઘ,): બૌદ્ધિક અને સંશોધનને લગતાં કામમાં સફળતા મળે. વેપારમાં નવા સોદા પાર પડે. સમાજમાં પ્રતિષ્ઠા વધે.

કર્ક (ડ,હ,): કાગળ કે લખાણ બાબતનાં કામમાં સાવધાની રાખવી. પારિવારિક મતભેદોનું નિરાકરણ થઈ શકે છે. ખર્ચા વધશે.

સિંહ (મ,ટ,): મિત્રો સાથે સામાજિક કાર્ય થાય. સંતાનોની સમસ્યા સતાવે. શેર બજારમાં ધીરજ રાખવી. આવક વધશે.

કન્યા (પ,ઠ,ણ,): નોકરીમાં તમારો પ્રભાવ વધશે. ધંધામાં આવક વધે. સમાજમાં માન વધે. નવી નોકરીની તક મળે.

તુલા (ર,ત,): નવા વિચાર અને સંશોધનના કારણે સફળતા મળે. ઉચ્ચ કક્ષાના લોકોને મળવાનું બને. વિદેશના કામ થાય.

વૃશ્ચિક (ન,ય,): સહકર્મીઓનો સાથ મળે. તમારા મિલનસાર સ્વભાવથી નવી તક મળે. અચાનક શુભ સમાચાર મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): ભાગીદારીમાં તક મળે. સામાજિક કાર્યથી યશ મળે. પારીવારિક પ્રશ્નો હલ થાય. આવક વધે.

મકર (ખ,જ,): સરકારી નોકરીમાં નવી જવાબદારી વધે. હરીફોથી સાવધાન રહેવું. વિજાતિ આવેગ પર કાબુ.

કુંભ (ગ,સ,શ,ષ,): વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળે. નવા વેપારનું આયોજન થાય. પ્રેમમાં સહકાર મળે.

મીન (દ,ચ,ઝ,થ,): નવા વાહનની યોજના પાર પડે. મકાનમાં નવા ફેરફાર થાય. નોકરીમાં સ્થાનફેરથી રાહત થાય.

કોઈ પણ સાલમાં 30 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી નવી તક ટેકનોલોજી અને નવાં ફેરફાર અને જવાબદારીથી નવુ શિખવાની સાથે બોજ વધે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં પ્રતિષ્ઠા વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. સંતાનોના અભ્યાસ, કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી યોજનાનો લાભ મળે. વિદેશનો કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. ઉંમરલાયકના વિવાહ થાય. વારસા, જાયદાદ, જમીન વગેરેનો કામ ધીમાં પડે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. સ્ત્રી વર્ગ માટે વર્ષ સામાન્ય રહે. નોકરિયાતનો કાર્યબોજ વધશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. ફેબ્રુઆરી- માર્ચ તથા નવેમ્બર-ડિસેમ્બરમાં ગુરુ-શુક્રવારે, 03, 12,21 30 તારીખે નવા કામ કરવાં. સોનેરી રંગનો ઉપયોગ વધારવો. જૂન-જુલાઈમાં બુધ-રવિવારે 02, 11,20, 29 તારીખે નવા કામ ટાળવાં, લાલ રંગનો ઉપયોગ ટાળવો. ગુરુવારના ઉપાય કરતા રહેવું.